સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **46**

[07/11/21 to 13/11/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**07 NOV-2021**

- દિવસ મહિમા : 07 નવેમ્બર, રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ ..... 02
- ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે શ્રી રાહુલ દ્રવિડની નિમણૂક કરવામાં આવી ..... 02
- QUESTION ANSWERS ..... 03

**08 NOV-2021**

- દિવસ મહિમા : 08 નવેમ્બર, વિશ્વ શહેરીકરણ દિવસ ..... 04
- હરિયાણા સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ લોકલ કેન્ડીડેટ્સ એક્ટ, 2020 ..... 04
- ડો. કમલ રણદિવે (Dr. Kamal Ranadive) ..... 04
- અન્નપૂર્ણા દેવીની પ્રતિમા ..... 05
- QUESTION ANSWERS ..... 06

**09 NOV-2021**

- દિવસ મહિમા : 09 નવેમ્બર, રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ ..... 07
- LEADS રિપોર્ટ 2021માં ગુજરાત પ્રથમ ..... 07
- અફઘાનિસ્તાન પર પ્રાદેશિક સુરક્ષા સંવાદ ..... 09
- સુશ્રી વાંગ યાપિંગ (Wang Yaping) અવકાશમાં ચાલનારી પ્રથમ ચીની મહિલા બન્યા ..... 10
- QUESTION ANSWERS ..... 11

**10 NOV-2021**

- દિવસ મહિમા : 10 નવેમ્બર, શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ ..... 12
- સ્કોર્પિયન ક્લાસની ચોથી સબમરીન INS વેલા ભારતીય નૌકાદળને સોંપવામાં આવી ..... 12
- પદ્મ પુરસ્કાર-2021 ..... 13
- વાઈસ એડમિરલ શ્રી આર. હરિ કુમાર ભારતીય નૌકાદળના નવા વડા બનશે ..... 16
- QUESTION ANSWERS ..... 17

**11 NOV-2021**

- દિવસ મહિમા : 11 નવેમ્બર, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ ..... 18
- ભારતે વિશ્વ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો ..... 18
- નેપાળના આર્મી ચીફને ભારતીય જનરલ માનદનો રેન્ક ..... 18
- પોષણ સ્માર્ટ વિલેજ કાર્યક્રમ ..... 19
- QUESTION ANSWERS ..... 20

**12 NOV-2021**

- દિવસ મહિમા : 12 નવેમ્બર, વિશ્વ ન્યુમોનિયા દિવસ ..... 21
- જનજાતિય ગૌરવ દિવસ : 15 નવેમ્બર ..... 21
- અમેરિકા ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)માં જોડાયું ..... 23
- Climate Change Performance Index (CCPI) ..... 23
- QUESTION ANSWERS ..... 25

**13 NOV-2021**

- દિવસ મહિમા : 13 નવેમ્બર, વિશ્વ દયા દિવસ અથવા તો વિશ્વ દયાળુતા દિવસ ..... 26
- નિરામય ગુજરાતનો શુભારંભ ..... 26
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોકાણકારો માટે RBIની બે યોજના શરૂ કરી ..... 27
- QUESTION ANSWERS ..... 30

**ONE LINER** ..... 31

**QUESTION OF THIS WEEK** ..... 36


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 07 NOVEMBER, 2021 SUNDAY

## દિવસ મહિમા : 07 નવેમ્બર, રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ (National Cancer Awarness Day)

ભારતમાં દર વર્ષે 7 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા સપ્ટેમ્બર, 2014 દરમિયાન આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારથી ભારતમાં આ દિવસની ઉજવણી થાય છે.

નોંધ : ભારતમાં 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' 7 નવેમ્બરના રોજ ઉજવાય છે જ્યારે 'વિશ્વ કેન્સર દિવસ' 4 ફેબ્રુઆરીના રોજ ઉજવાય છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે શ્રી રાહુલ દ્રવિડની નિમણૂક કરવામાં આવી

ભારતીય ક્રિકેટ ટીમના પ્રસિદ્ધ ખેલાડી શ્રી રાહુલ દ્રવિડને ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ પૂર્વ કોચ શ્રી રવિ શાસ્ત્રીનું સ્થાન લેશે.
- શ્રી રાહુલ દ્રવિડ અગાઉ બેંગ્લોરમાં નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)ના વડા હતા અને તેમણે ભારતની અંડર– 19 ટીમના કોચ તરીકે પણ સેવા આપી છે.




### શ્રી રાહુલ દ્રવિડ

શ્રી રાહુલ દ્રવિડનો જન્મ 11 જાન્યુઆરી, 1973ના રોજ મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ રાહુલ શરદ દ્રવિડ છે.
- તેમણે વર્ષ 1996માં શ્રીલંકા સામેની વન ડે મેચથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટની શરૂઆત કરી હતી.
- શ્રી રાહુલ દ્રવિડે ભારત માટે 164 ટેસ્ટ મેચ અને 344 વન ડે મેચ રમી હતી.
- જેમાં તેમણે અનુક્રમે 13,288 અને 10,889 રન બનાવ્યા હતા.
- તેઓ The Wall, The Great Wall અને Mr. Dependableના ઉપનામથી જાણીતા હતા.

1. 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(A)**

2. ભારતમાં 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ' 7 નવેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ કેન્સર દિવસ' ______ ના રોજ ઉજવાય છે.

(A) 2 ફેબ્રુઆરી (B) 3 ફેબ્રુઆરી (C) 4 ફેબ્રુઆરી (D) 5 ફેબ્રુઆરી **(C)**

3. તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અનિલ કુંબલે (B) શ્રી રાહુલ દ્રવિડ

(C) શ્રી એમ.એસ. ધોની (D) શ્રી ગૌતમ ગંભીર **(B)**

4. તાજેતરમાં નિમણૂક પામેલ ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ શ્રી રાહુલ દ્રવિડ મુખ્ય કોચ તરીકે કોનું સ્થાન લેશે ?

(A) શ્રી રવિ શાસ્ત્રી (B) શ્રી અનિલ કુંબલે (C) શ્રી ગૌતમ ગંભીર (D) શ્રી સૌરવ ગાંગુલી **(A)**

5. શ્રી રાહુલ દ્રવિડ કયા ઉપનામથી જાણીતા છે ?

(A) The Wall (B) The Great Wall

(C) Dependable (D) ઉપરોક્ત તમામ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 08 નવેમ્બર, (1) વિશ્વ શહેરીકરણ દિવસ (World Urbanism Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 નવેમ્બરના રોજ 'વિશ્વ શહેરીકરણ દિવસ' ઉજવાય છે.

- તેને 'વિશ્વ ટાઉન પ્લાનિંગ દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દિવસ શહેરીકરણની સફળતાઓને પ્રોત્સાહન આપવા અને શહેરીકરણ દ્વારા ઉભા થયેલા ચોક્કસ પડકારોને પહોંચી વળવા માટે ઉજવવામાં આવે છે.

નોંધ : 'વિશ્વ શહેરીકરણ દિવસ' 8 નવેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ શહેર દિવસ' 31 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

## હરિયાણા સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ લોકલ કેન્ડીડેટ્સ એક્ટ, 2020

તાજેતરમાં હરિયાણા સરકારે જણાવ્યું હતું કે રાજ્યમાં 15 જાન્યુઆરી, 2022 થી 'સ્થાનિક ઉમેદવારોનો રોજગાર અધિનિયમ, 2020' લાગુ કરવામાં આવશે.

### અધિનિયમ વિશે

આ અધિનિયમ હેઠળ 10 કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી કંપનીઓએ રાજ્યમાં વસવાટ કરતા ઉમેદવારો માટે દર મહિને રૂ. 30,000 સુધીના પગારની તમામ નોકરીઓમાં 75% અનામત રાખવામાં આવશે.

- આ અધિનિયમ 10 વર્ષના સમયગાળા માટે લાગુ રહેશે.
- રાજ્ય સરકારે ખાનગી કંપનીઓની ભરતીમાં થોડી રાહત આપવા માટે રાજ્યમાં વાસ્તવિક નિવાસી પ્રમાણપત્ર મેળવવા માટે નિવાસની જરૂરિયાત 15 થી ઘટાડીને 5 વર્ષ કરી છે.
- આ તમામ એમ્પ્લોયરો માટે શ્રમ વિભાગ, હરિયાણાની અધિકૃત વેબસાઈટ પર ઉપલબ્ધ નિયુક્ત પોર્ટલ પર કુલ માસિક પગાર અથવા વેતન 30,000 થી વધુ ન હોય તેવા કર્મચારીઓની નોંધણી કરાવવી ફરજિયાત રહેશે.
- આ અધિનિયમની કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન સજાપાત્ર ગુનો ગણાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડો. કમલ રણદિવે (Dr. Kamal Ranadive)



તાજેતરમાં ગૂગલે ડો. કમલ રણદિવેના સન્માનમાં ડુડલ બનાવ્યું હતું.

- આ ડૂડલ તેમની 104મી જન્મજયંતિ નિમિત્તે બનાવવામાં આવ્યું હતું.
- ડો. કમલ રણદિવે કેન્સર પરના સંશોધન માટે જાણીતા છે.
- ડો. કમલ રણદિવેનો જન્મ 8 નવેમ્બર, 1917ના રોજ પૂણેમાં થયો હતો.
- તેઓ બાયોમેડિકલ સંશોધક હતા.
- તેમણે કેન્સર અને વાયરસ વચ્ચેના સંબંધ પર સંશોધન કર્યુ હતું.
- તેઓ ઈન્ડિયન વુમન સાયન્ટિસ્ટ એસોસિએશન (IWSA)ના સ્થાપક સભ્યોમાંના એક હતા.

- તેમણે મુંબઈમાં ભારતીય કેન્સર સંશોધન કેન્દ્ર ખાતે 1960ના દાયકામાં ભારતની પ્રથમ ટીશ્યુ કલ્ચર સંશોધન પ્રયોગશાળાની સ્થાપના કરી હતી.
- વર્ષ 1982માં તેમને પદ્મ ભૂષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

## અન્નપૂર્ણા દેવીની પ્રતિમા

તાજેતરમાં દેવી અન્નપૂર્ણાની પ્રાચીન મૂર્તિને એક સદી કરતા વધુ સમય પછી કેનેડાથી ભારત પરત લાવવામાં આવી હતી.

- આ પ્રતિમાને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા પ્રાપ્ત કરવામાં આવી છે.
- આ પ્રતિમાને તેમના મૂળ સ્થાને કાશી વિશ્વનાથ મંદિરમાં સ્થાપિત કરવામાં આવશે.
- દેવી અન્નપૂર્ણા એ ખોરાકની દેવી છે. તેમને પાર્વતી માતાના સ્વરૂપ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ મૂર્તિ એક હાથમાં વાટકો (ખીરથી ભરેલો) અને બીજા હાથમાં ચમચી ધરાવે છે.

### કાશી વિશ્વનાથ મંદિર

કાશી વિશ્વનાથ મંદિર એ ભગવાન શિવને સમર્પિત સૌથી પ્રસિદ્ધ હિન્દુ મંદિરોમાંનું એક છે.

- તે ઉત્તરપ્રદેશના વારાણસીમાં આવેલું છે.
- આ મંદિર ગંગા નદીના પશ્ચિમ કિનારે આવેલું છે અને 12 જ્યોતિર્લિંગોમાંનું એક છે.
- આ મંદિરનું નિર્માણ વર્ષ 1780માં ઈન્દોરની મહારાણી અહલ્યાબાઈ હોલકરે મરાઠા સામ્રાજ્ય દરમિયાન કરાવ્યું હતું.

### ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)

'ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ' સંસ્કૃતિ મંત્રાલય હેઠળ પુરાતત્વીય સંશોધન અને રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટેની અગ્રણી સંસ્થા છે.

- તે 3650 થી વધુ પ્રાચીન સ્મારકો, પુરાતત્વીય સ્થળો અને રાષ્ટ્રીય મહત્વના અવશેષોનું સંચાલન કરે છે.
- તેની પ્રવૃત્તિઓમાં પુરાતત્વીય અવશેષોનું સર્વેક્ષણ, પુરાતત્વીય સ્થળોની શોધ અને ખોદકામ, સંરક્ષિત સ્મારકોનું સંરક્ષણ અને જાળવણી વગેરેનો સમાવેશ થાય છે.
- તેની સ્થાપના વર્ષ 1861માં તેના પ્રથમ ડિરેક્ટર જનરલ 'એલેક્ઝાન્ડર કનિંગહામ' દ્વારા કરવામાં આવી હતી.
- એલેક્ઝાન્ડર કનિંગહામને 'ભારતીય પુરાતત્વશાસ્ત્રના પિતા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ 'પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ, 1958'ની જોગવાઈઓ હેઠળ કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ શહેરીકરણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 નવેમ્બર (B) 7 નવેમ્બર (C) 8 નવેમ્બર (D) 10 નવેમ્બર **(C)**

2. 'વિશ્વ શહેર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 30 ઓગસ્ટ (B) 31 ઓક્ટોબર (C) 30 નવેમ્બર (D) 3 ડિસેમ્બર **(B)**

3. 'હરિયાણા સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ ઓલ લોકલ કેન્ડીડેટ્સ એક્ટ, 2020' હેઠળ હરિયાણા રાજ્યમાં રૂ. 30,000 સુધીની તમામ નોકરીઓમાં ____% અનામત રાખવામાં આવશે.

(A) 75% (B) 60% (C) 33% (D) 15% **(A)**

4. તાજેતરમાં ગુગલે ડો. કમલ રણદિવે (Dr. Kamal Ranadive)ના સન્માનમાં એક ડુડલ બનાવી શ્રધ્ધાંજલિ આપી હતી. તેઓ કયા સંશોધન ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?

(A) બાયોમેડિકલ (B) એરોનોટિકલ

(C) ઓટોમોબાઈલ (D) સોફ્ટવેર **(A)**

5. તાજેતરમાં કયા દેશમાંથી અન્નપૂર્ણા દેવીની પ્રાચીન મૂર્તિને ભારત પરત લાવવામાં આવી છે ?

(A) રશિયા (B) ઓસ્ટ્રેલિયા (C) ન્યુઝિલેન્ડ (D) કેનેડા **(D)**

6. કાશી વિશ્વનાથ મંદિર કયા રાજ્યમાં આવેલ છે ?

(A) રાજસ્થાન (B) ગુજરાત (C) ઉત્તરપ્રદેશ (D) બિહાર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 09 નવેમ્બર, (1) રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ (National Legal Service Day)


'રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ' અથવા 'રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ' (NLSD) ભારતમાં દર વર્ષે 9 નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસના અયોજનનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં કાયદાકીય જાગૃતિ ફેલાવવાનો, સમાજના ગરીબ અને નબળા વર્ગના લોકોને મફત અને કાનૂની સહાય અને સલાહ આપવાનો છે, જેથી તમામ માટે ન્યાય સુનિશ્ચિત થઈ શકે.
- રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ સૌપ્રથમ વર્ષ 1995માં ભારતની સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા સમાજના ગરીબ અને નબળા વર્ગોને મદદ અને ટેકો આપવા માટે શરૂ કરવામાં આવ્યો હતો.
- ભારતીય સંસદનો 'ભારતીય કાનૂની સેવા સત્તા અધિનિયમ, 1987' 9 નવેમ્બર, 1995ના રોજ અમલમાં આવ્યો હતો.
- આથી આ દિવસની યાદમાં 9 નવેમ્બરના રોજ રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## LEADS રિપોર્ટ 2021માં ગુજરાત પ્રથમ

તાજેતરમાં ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે 'લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટસ ઈન્ડેક્સ– 2021' (LEADS- 2021) રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.




- LEADS 2021 રિપોર્ટમાં ગુજરાતે માલ–સામાનની સરળતાએ હેરફારની કાર્યદક્ષતામાં સમગ્ર દેશમાં સતત ત્રીજીવાર પ્રથમ સ્થાન મેળવ્યું છે.
- ગુજરાતે આ અગાઉ વર્ષ 2018 અને વર્ષ 2019 એમ બંને વર્ષોમાં LEADS ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમ મેળવવાની સિધ્ધિ પ્રાપ્ત કરી છે.
- આ ઈન્ડેક્સમાં ગુજરાત બાદ હરિયાણા બીજા અને પંજાબ ત્રીજા ક્રમે છે.
- કેન્દ્રશાસિત પ્રદેશોમાં દિલ્હી પ્રથમ ક્રમે છે.
- પૂર્વોત્તર રાજ્યો અને હિમાલય ક્ષેત્રમાં જમ્મુ કાશ્મીર પ્રથમ ક્રમે છે ત્યારબાદ સિક્કિમ અને મેઘાલય આવે છે.

નોંધ : કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીર અને લદ્દાખને પૂર્વોત્તર રાજ્યો અને હિમાલયન કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.

# LEADS REPORT 2021

## STATE RANKINGS

| Rank | State |
|---|---|
| 1 | ગુજરાત |
| 2 | હરિયાણા |
| 3 | પંજાબ |
| 4 | તમિલનાડુ |
| 5 | મહારાષ્ટ્ર |
| 20 | હિમાચલ પ્રદેશ |
| 21 | આસામ |

## કેન્દ્રશાસિત પ્રદેશ RANKINGS

| Rank | કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|
| 1 | દિલ્હી |
| 2 | ચંદિગઢ |

## પૂર્વોત્તર રાજ્યો અને હિમાલયન ક્ષેત્ર

| Rank | પૂર્વોત્તર રાજ્યો અને હિમાલયન ક્ષેત્ર |
|---|---|
| 1 | જમ્મુ કશ્મીર |
| 2 | સિક્કિમ |
| 3 | મેઘાલય |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## LEADS રિપોર્ટ વિશે

લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ (LEADS) રિપોર્ટનો ઉદ્દેશ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લોજિસ્ટિક્સ કામગીરીનું મૂલ્યાંકન કરવાનો છે અને એવા વિસ્તારોને ઓળખવાનો છે જ્યાં તેઓ લોજિસ્ટિક્સ કામગીરીમાં સુધારો કરી શકે.

- LEADS રિપોર્ટ વર્ષ 2018માં સૌપ્રથમ લોન્ચ કરવામાં આવ્યો હતો.
- રાજ્યોને માર્ગ, રેલ અને વેરહાઉસિંગ જેવા મુખ્ય માળખાકીય સુવિધાઓની ગુણવત્તા અને ક્ષમતા તેમજ કાર્ગોની સલામતી, ટર્મિનલ સેવાઓની ઝડપ અને નિયમનકારી મંજૂરીઓ સહિત લોજિસ્ટિક્સના સંચાલનમાં સરળતાના આધારે ક્રમાંક આપવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ ત્રણ પરિમાણો સાથે રચાયેલ છે. જે સામૂહિક રીતે લોજિસ્ટિક્સ સુવિધાને અસર કરે છે. જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સેવાઓ અને કામગીરી અને નીયમનકારી ઈકોસિસ્ટમ તથા 17 પરિમાણોમાં વર્ગીકૃત થયેલ છે.
- આ વર્ષે કોરોના વૈશ્વિક મહામારીના વ્યાપક સંક્રમણના સમયગાળા દરમિયાન આ ઈન્ડેક્સમાં ગુજરાતે કોરોના મહામારી વિપદા છતા પણ પોતાના પ્રથમ ક્રમને જાળવી રાખવાની ગૌરવસિધ્ધિ પ્રાપ્ત કરી છે.

## અફઘાનિસ્તાન પર પ્રાદેશિક સુરક્ષા સંવાદ

તાજેતરમાં 'દિલ્હી પ્રાદેશિક સુરક્ષા સંવાદ ઓન અફઘાનિસ્તાન'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ બેઠકમાં પ્રાદેશિક દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો (NSA)એ ભાગ લીધો હતો.
- આ બેઠકની અધ્યક્ષતા ભારતીય સુરક્ષા સલાહકાર (NSA) દ્વારા કરવામાં આવી હતી.
- ભારતના વર્તમાન NSA શ્રી અજીત ડોભાલ છે.
- આ બેઠકમાં અફઘાન લોકો માટે 'તાકીદની માનવતાવાદી સહાય' (Urgent Humanitarian Assistance) માટે હાકલ કરવામાં આવી હતી.
- પ્રાદેશિક સુરક્ષા સંવાદની આ ત્રીજી બેઠક છે અગાઉની બે બેઠકો 2018 અને 2019માં ઈરાનમાં યોજાઈ હતી.
- આ બેઠકમાં દેશોએ એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે જેને 'અફઘાનિસ્તાન પર દિલ્હી ઘોષણા' કહેવામાં આવે છે.

### આમંત્રિત સહભાગીઓ

અફઘાનિસ્તાનના પાડોશી દેશો જેમ કે પાકિસ્તાન, ઈરાન, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન, રશિયા અને ચીન સહિતના મુખ્ય સહભાગી દેશો.

### જરૂરિયાત

અમેરિકાએ અફઘાનિસ્તાનમાંથી તેમનું સૈન્ય હટાવ્યા બાદ તાલિબાનો દ્વારા અફઘાનિસ્તાન પર કબજો કર્યા પછી ભારત આ ક્ષેત્રમાં સુરક્ષાને લઈને ચિંતિત છે.

- અફઘાનિસ્તાનના વિસ્તારમાંથી આતંકવાદ ફેલાવાનો ખતરો છે.

### દિલ્હી ઘોષણાની વિશેષતાઓ

આ બેઠકમાં અફઘાનિસ્તાનમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતા માટે સમર્થન, સાર્વભૌમત્વ, એકતા અને પ્રાદેશિક અખંડિતતા અને આંતરિક બાબતોમાં બિનદખલગીરીના આદર પર ભાર મુકવામાં આવ્યો હતો.

- પ્રાદેશિક સભ્યોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ ખાતરી કરે કે અફઘાનિસ્તાન ક્યારેય વૈશ્વિક આતંકવાદ માટે સુરક્ષિત આશ્રયસ્થાન ન બને.
- તેમણે બાળકો, લઘુમતીઓ અને મહિલાઓના મૂળભૂત અધિકારોને સુનિશ્ચિત કરવાના મહત્ત્વ પર ભાર મૂકયો હતો.
- સહભાગી દેશોએ અફઘાનિસ્તાનને તમામ સંભવિત માનવતાવાદી સહાય પૂરી પાડવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો.

## પ્રાદેશિક દેશો દ્વારા પ્રતિભાવ

રશિયાએ જણાવ્યું કે તાલિબાન – નિયંત્રિત અફઘાનિસ્તાનમાં વાતચીત પ્રણાલી જટિલ હોવી જોઈએ નહીં.

- પાકિસ્તાન અને ચીનને પણ પરામર્શમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ બંને દેશો દૂર રહ્યા હતા.
- ઉપરાંત તત્કાલીન અફઘાન સરકાર કે તાલિબાનનું કોઈ પ્રતિનિધિત્વ ન હતું.
- ઉઝબેકિસ્તાન અને તુર્કમેનિસ્તાનના NSAએ તેમના પ્રારંભિક નિવેદનમાં આતંકવાદ શબ્દનો ઉલ્લેખ કર્યો ન હતો.

## સુશ્રી વાંગ યાપિંગ (Wang Yaping) અવકાશમાં ચાલનારી પ્રથમ ચીની મહિલા બન્યા

અવકાશયાત્રી સુશ્રી વાંગ યાપિંગ અવકાશમાં ચાલનારી પ્રથમ ચીની મહિલા બન્યા છે.

- નિર્માણ કાર્યના ભાગરૂપે વાંગ યાપિંગની ટીમે તિઆંગોંગ સ્પેસ સ્ટેશનની બહાર 6 કલાક વિતાવ્યા હતા.
- વાંગ યાપિંગ અને તેમના સાથી ઝાઈ ઝિગાંગ 7 નવેમ્બર, 2021ના રોજ તિઆંગોંગમાંથી બહાર નિકળ્યા હતા.
- તેઓએ સસ્પેન્શન ડિવાઈસ અને ટ્રાન્સફર કનેક્ટર્સ ઈન્સ્ટોલ કર્યા હતા.
- શેનઝોઅ– 13 ક્રૂ દ્વારા આ પ્રથમ પેરાનોર્મલ પ્રવૃત્તિ હતી. તેઓ સ્પેસ સ્ટેશન પર છ મહિના વિતાવશે.
- તિઆંગોંગ એ મુખ્ય અવકાશ શક્તિ બનવાના ચીનના પગલામાં નવીનતમ સિદ્ધિ છે.
- તિઆંગોંગ (Tiangong) એ સ્પેસ સ્ટેશન છે જે ચીન દ્વારા પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષામાં બનાવવામાં આવી રહ્યું છે.
- આ ચીનનું પ્રથમ લાંબાગાળાનું સ્પેસ સ્ટેશન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. ભારતમાં 'રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર (B)

2. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના 'લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ' (LEADS) ઈન્ડેક્સ, 2021માં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) ગુજરાત (B) રાજસ્થાન (C) મધ્યપ્રદેશ (D) ઉત્તરપ્રદેશ (A)

3. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના 'લોજિસ્ટિક્સ ઈઝ અક્સ ડિફરન્ટ સ્ટેટ્સ' (LEADS) ઈન્ડેક્સ, 2021માં કેન્દ્રશાસિત પ્રદેશની કેટેગરીમાં કયો કેન્દ્રશાસિત પ્રદેશ પ્રથમ ક્રમે છે ?

(A) દિલ્હી (B) ચંદિગઢ (C) પુડુચેરી (D) લક્ષદ્વીપ (A)

4. તાજેતરમાં 'દિલ્હી પ્રાદેશિક સુરક્ષા સંવાદ ઓન અફઘાનિસ્તાન'નું આયોજન થયું હતું. જેની અધ્યક્ષતા ભારતના NSA ________ એ કરી હતી.

(A) શ્રી રાજનાથ સિંહ (B) શ્રી પીયુષ ગોયલ (C) શ્રી રાકેશ અસ્થાના (D) શ્રી અજીત ડોભાલ (D)

5. અવકાશમાં ચાલનારી પ્રથમ ચીની મહિલાનું નામ જણાવો ?

(A) સુશ્રી મેઈઝેન (B) સુશ્રી વાંગ યાપિંગ (C) સુશ્રી ચાન જુઆન (D) સુશ્રી ચાઓ–ઝિંગ (B)

6. તિઆંગોંગ (Tiangong) કયા દેશનું સ્પેસ સ્ટેશન છે ?

(A) ચીન (B) રશિયા (C) જાપાન (D) ફ્રાન્સ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 10 નવેમ્બર, શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ (World Science Day for Peace and Development)

## સ્કોર્પિયન ક્લાસની ચોથી સબમરીન INS વેલા ભારતીય નૌકાદળને સોંપવામાં આવી

તાજેતરમાં પ્રોજેક્ટ-75 હેઠળ બનેલી સ્કોર્પિયન ક્લાસની ચોથી સબમરીન 'INS વેલા' ભારતીય નૌકાદળને સોંપવામાં આવી છે.

- આ સબમરીનનું નિર્માણ મુંબઈની 'મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL)' દ્વારા મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત થયું છે.
- INS વેલાને 6 મે, 2019ના રોજ ટ્રાયલ માટે સમુદ્રમાં લોન્ચ કરવામાં આવી હતી.
- INS વેલા એ સ્કોર્પિયન ક્લાસ (અથવા તો વર્ગ કે શ્રેણી)ની ચોથી સબમરીન છે.
- સ્કોર્પિયન ક્લાસમાં કુલ 6 સબમરીનનો સમાવેશ થાય છે.
- આ 6 સબમરીનના નિર્માણ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે કરાર થયા હતા.
- આ કરાર મુજબ આ 6 સબમરીનનું નિર્માણ ભારતમાં મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડમાં થશે અને આ માટેની નિર્માણ ટેક્નોલોજી ફ્રાન્સની 'નેવલ ગ્રૂપ' નામની કંપની દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- 'પ્રોજેક્ટ 75' હેઠળ આવરી લેવામાં આવેલી સ્કોર્પિયન વર્ગની સબમરીન 'ડીઝલ–ઈલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમ' દ્વારા સંચાલિત છે.
- સ્કોર્પિયન ક્લાસની તમામ સબમરીન કોઈપણ આધુનિક સબમરીન દ્વારા કરવામાં આવતા તમામ કાર્યો કરવા માટે સક્ષમ છે.
- જેમાં એન્ટી સરફેશ તથા એન્ટી સબમીરન યુદ્ધ ક્ષમતાનો પણ સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સ્કોર્પિયન ક્લાસ/વર્ગ/શ્રેણીની સબમીરન

| ક્રમ | નામ | લોન્ચ | નૌકાદળમાં સમાવેશ | સ્ટેટસ |
|---|---|---|---|---|
| 1 | INS કલવરી | 2015 | 14 ડિસેમ્બર, 2017 | કાર્યરત |
| 2 | INS ખંડેરી | 12 જાન્યુઆરી, 2017 | 28 સપ્ટેમ્બર, 2019 | કાર્યરત |
| 3 | INS કરંજ | 31 જાન્યુઆરી, 2018 | 10 માર્ચ, 2021 | કાર્યરત |
| 4 | INS વેલા | 6 મે, 2019 | નવેમ્બર, 2021 | કાર્યરત |
| 5 | INS વાગીર | 12 નવેમ્બર, 2020 | – | ટ્રાયલ માટે સમુદ્રમાં |
| 6 | INS વાગશીર | – | – | નિર્માણ કાર્ય ચાલુ છે. |

## MDL

મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ અથવા તો મઝગાંવ ડોક લિમિટેડ (MDL) એ ભારતની જાહેર ક્ષેત્રની મુખ્ય જહાજ નિર્માણ કંપની છે.

- તે ભારતીય નૌસેનાની જરૂરિયાતો પૂરી કરી છે.
- આ કંપની મહારાષ્ટ્રના મુંબઈના મઝગાંવ ખાતે આવેલી છે.

નોંધ : (1) સ્કોર્પિયન ક્લાસની સબમરીનને અગાઉ 'કલવરી ક્લાસ'ની સબમરીન તરીકે પણ ઓળખવામાં આવતી હતી.

(2) INS Velaમાં INSનું પૂરું નામ 'Indian Navy (અથવા તો Naval) Ship' છે.

## પદ્મ પુરસ્કાર-2021

તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા રાષ્ટ્રપતિ ભવનમાં વર્ષ 2021 માટે પસંદ કરેલ 119 મહાનુભાવોને 'પદ્મ પુરસ્કાર' અર્પણ કરવામાં આવ્યા હતા.

- ભારતમાં દર વર્ષે 'પ્રજાસત્તાક દિન' નિમિત્તે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ 'પદ્મ પુરસ્કાર' વિજેતાઓની જાહેરાત કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2021ના પદ્મ પુરસ્કાર માટે કુલ 119 મહાનુભાવોના નામની જાહેરાત કરવામાં આવી હતી.
- જેમાંથી 7 વ્યક્તિઓની પદ્મ વિભૂષણ, 10ની પદ્મ ભૂષણ અને 102 વ્યક્તિઓની પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી.
- વર્ષ 2021 માટેના પદ્મ પુરસ્કાર વિજેતાઓની યાદીમાં 29 મહિલાઓ તથા 10 ફોરેનરનો સમાવેશ થાય છે.
- તેમજ વર્ષ 2021માં કુલ 16 વ્યક્તિઓને મરણોપરાંત અને 1 ટ્રાન્સજેન્ડર વ્યક્તિને આ એવોર્ડ એનાયત થયો છે.

નોંધ : વર્ષ 2021 ઉપરાંત વર્ષ 2020ના પદ્મ પુરસ્કાર વિજેતા મહાનુભાવોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. કારણ કે ગયા વર્ષે કોરોના મહામારીના કારણે એવોર્ડ સમારોહ યોજાયો ન હતો.

Padma Vibhushan Padma Bhushan Padma Shri

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પદ્મ વિભૂષણ 2021 વિજેતા મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય/દેશ |
|---|---|---|---|
| 1 | શ્રી શિન્ઝો આબે | જાહેર બાબતો (રાજનીતિ) | જાપાન |
| 2 | શ્રી એસ. પી. બાલા સુબ્રમણ્યમ | કલા | તમિલનાડુ |
| 3 | ડૉ. બેલ્લે મોનપ્પા હેગડે | ચિકિત્સા | કર્ણાટક |
| 4 | શ્રી નરિંદરસિંહ કાપાની | વિજ્ઞાન અને એન્જિનિયરિંગ | અમેરિકા |
| 5 | મૌલાના વહિદુદ્દિન ખાન | આધ્યાત્મિકતા | દિલ્હી |
| 6 | શ્રી બી. બી. લાલ | પુરાતત્વ | દિલ્હી |
| 7 | શ્રી સુદર્શન સાહુ | કલા | ઓડિશા |

## પદ્મ વિભૂષણ 2021 વિજેતા મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રીમતી ક્રિષ્નન નાયર શાંતાકુમારી ચિત્રા | કલા | કેરળ |
| 2 | શ્રી તરૂણ ગોગઈ (મરણોપરાંત) | રાજનીતિ | આસામ |
| 3 | શ્રી ચંદ્રશેખર કંબરા | સાહિત્ય અને શિક્ષણ | કર્ણાટક |
| 4 | શ્રીમતી સુમિત્રા મહાજન | રાજનીતિ | મધ્યપ્રદેશ |
| 5 | શ્રી નૃપેન્દ્ર મિશ્રા | જાહેર સેવા (સિવિલ સર્વિસ) | ઉત્તરપ્રદેશ |
| 6 | શ્રી રામવિલાસ પાસવાન (મરણોપરાંત) | રાજનીતિ | બિહાર |
| 7 | શ્રી કેશુભાઈ પટેલ (મરણોપરાંત) | રાજનીતિ | ગુજરાત |
| 8 | શ્રી કાલબે સાદિક (મરણોપરાંત) | આધ્યાત્મિકતા | ઉત્તરપ્રદેશ |
| 9 | શ્રી શ્રોફ રજનીકાંત દેવીદાસ | વ્યાપાર–ઉદ્યોગ | મહારાષ્ટ્ર |
| 10 | શ્રી તારલોચન સિંહ | રાજનીતિ | હરિયાણા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પદ્મશ્રી 2021

વર્ષ 2021માં કુલ 102 મહાનુભાવોને પદ્મશ્રી પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા છે.

- આ 102 મહાનુભાવોમાંથી પરીક્ષાલક્ષી રમતવીરોના નામ નીચે મુજબ દર્શાવ્યા છે.

## પદ્મશ્રી 2021 વિજેતા રમતવીરો

| ક્રમ | નામ | રમત | રાજ્ય |
|---|---|---|---|
| 1 | સુશ્રી પી. અનિતા | બાસ્કેટબોલ | તમિલનાડુ |
| 2 | સુશ્રી મૌમા દાસ | ટેબલ ટેનિસ | પશ્ચિમ બંગાળ |
| 3 | સુશ્રી અંશુ જમસેનયા | પર્વતારોહક | અરૂણાચલ પ્રદેશ |
| 4 | શ્રી માધવન નામ્બિયર | એથ્લેટિક્સ | કેરળ |
| 5 | સુશ્રી સુધા હરિ નારાયણસિંઘ | એથ્લેટિક્સ | ઉત્તરપ્રદેશ |
| 6 | શ્રી વિરેન્દ્ર સિંહ | કુસ્તી | હરિયાણા |
| 7 | શ્રી કે. વાય. વેંકટેશ | પેરા–એથ્લેટ | કર્ણાટક |

## પદ્મ પુરસ્કાર 2021 વિજેતા ગુજરાતી મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | પુરસ્કાર |
|---|---|---|---|
| 1 | શ્રી કેશુભાઈ પટેલ (મરણોપરાંત) | રાજનીતિ | પદ્મ ભૂષણ |
| 2 | શ્રી દાદુદાન ગઢવી | સાહિત્ય અને શિક્ષણ | પદ્મશ્રી |
| 3 | શ્રી મહેશ કનોડિયા અને નરેશભાઈ કનોડિયા (સંયુક્ત રીતે) | કલા | પદ્મશ્રી |
| 4 | શ્રી ચંદ્રકાન્ત મહેતા | સાહિત્ય અને શિક્ષણ | પદ્મશ્રી |

નોંધ : (1) ગુજરાત સાથે સંકળાયેલા અને હાલ મહારાષ્ટ્રમાં સ્થાયી થયેલા લિજ્જત પાપડના સ્થાપક સુશ્રી જસવંતીબહેન પોપટને પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો છે.

(2) ગુજરાતના કચ્છમાં જન્મેલા અને યુનાઈટેડ ફોસફરસ લિમિટેડના સ્થાપક ઉદ્યોગપતિ શ્રી રજનીકાન્ત શ્રોફને પદ્મ ભૂષણ પુરસ્કાર એનાયત થયો છે.

(3) જ્યારે સ્પેનમાં જન્મેલા પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ફાધર વાલેસને મરણોપરાંત પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના સર્વોચ્ચ એવોર્ડ

ભારતના સર્વોચ્ચ એવોર્ડ ક્રમશઃ આ મુજબ છે :

(1) ભારત રત્ન (2) પદ્મ વિભૂષણ (3) પદ્મ ભૂષણ (4) પદ્મ શ્રી

## પદ્મ પુરસ્કાર

પદ્મ પુરસ્કાર અંતર્ગત ત્રણ એવોર્ડનો સમાવેશ થાય છે :

| ક્રમ | એવોર્ડ | શા માટે એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | પદ્મ વિભૂષણ | કોઈ ક્ષેત્રમાં અમુલ્ય યોગદાન માટે |
| 2 | પદ્મ ભૂષણ | કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ અને ઉલ્લેખનીય યોગદાન માટે |
| 3 | પદ્મશ્રી | જીવનના વિવિધ ક્ષેત્રો, સાહિત્ય, શિક્ષણ, કલા, વિજ્ઞાન વગેરેમાં વિશિષ્ટ યોગદાન માટે |

નોંધ : ભારતમાં 'ભારત રત્ન પુરસ્કાર'ની સાથે 'પદ્મ પુરસ્કાર'નો પ્રારંભ પણ 1954થી જ થયો હતો.

## વાઈસ એડમિરલ શ્રી આર. હરિ કુમાર ભારતીય નૌકાદળના નવા વડા બનશે

ભારતીય નૌકાદળ (Indian Navy)ના નવા વડા તરીકે વાઈસ એડમિરલ શ્રી આર. હરિ કુમારની નિમણૂક કરવામાં આવી છે.


- તેઓ 30 નવેમ્બર, 2021ના રોજ નિવૃત્ત થઈ રહેલા એડમિરલ શ્રી કરમબીર સિંઘનું સ્થાન લેશે.
- તેઓ હાલમાં વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ–ઈન ચીફ તરીકે સેવા આપી રહ્યા છે.
- તેઓ 30 નવેમ્બર, 2021ના રોજ નેવી ચીફ તરીકે કાર્યભાર સંભાળશે.

### શ્રી આર. હરિ કુમાર

શ્રી આર. હરિ કુમારનો જન્મ 12 એપ્રિલ, 1962ના રોજ કેરળના ત્રિવેન્દ્રમ ખાતે થયો હતો.

- તેઓ 1 જાન્યુઆરી, 1983માં નૌકાદળમાં જોડાયા હતા.
- તેમની લગભગ 39 વર્ષની લાંબી અને વિશિષ્ટ સેવા દરમિયાન તેમણે વિવિધ કમાન્ડ, સ્ટાફ અને સૂચનાત્મક નિમણૂકો સંભાળી છે.
- તેમણે INS નિશંક, મિસાઈલ કોર્વેટ, INS કોરા અને ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર INS રણવીરમાં સેવા આપી છે.
- આ સાથે તેઓ ભારતીય નૌકાદળના એરક્રાફ્ટ કેરિયર INS વિરાટમાં કમાન્ડર તરીકે પણ કામ કરી ચૂકયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## WEDNESDAY Questions

1. 'શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 9 નવેમ્બર (D) 10 નવેમ્બર **(D)**

2. નવેમ્બર, 2021માં સ્કોર્પિયન ક્લાસની કઈ સબમરીન ભારતીય નૌકાદળને સોંપવામાં આવી છે ?

(A) INS Karanj (B) INS Ranjit (C) INS Vagshir (D) INS Vela **(D)**

3. INS વેલા કયા ક્લાસ, વર્ગ કે શ્રેણીની ચોથી સબમરીન છે ?

(A) સ્કોર્પિયન (B) કારંજ (C) ખંડેરી (D) રાજપૂત **(A)**

4. કેટલા મહાનુભાવોને વર્ષ 2021 માટે પદ્મ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા છે ?

(A) 148 (B) 140 (C) 119 (D) 102 **(C)**

5. ભારતમાં વર્ષ 2021નો 'પદ્મ વિભૂષણ' પુરસ્કાર કુલ કેટલા મહાનુભાવોને અર્પણ કરવામાં આવ્યો છે ?

(A) 6 (B) 8 (C) 9 (D) 7 **(D)**

6. ભારતમાં વર્ષ 2021નો 'પદ્મ ભૂષણ' પુરસ્કાર કુલ કેટલા મહાનુભાવોને અર્પણ કરવામાં આવ્યો છે ?

(A) 10 (B) 15 (C) 20 (D) 25 **(A)**

7. ભારતમાં વર્ષ 2021નો 'પદ્મશ્રી' પુરસ્કાર કુલ કેટલા મહાનુભાવોને અર્પણ કરવામાં આવ્યો છે ?

(A) 102 (B) 108 (C) 114 (D) 116 **(A)**

8. ભારતીય નૌકાદળના નવા વડા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અધર કુમાર ચેટર્જી (B) શ્રી વિક્રમ સિંઘ

(C) શ્રી બિપિન ચંદ્ર જોશી (D) શ્રી આર. હરિ કુમાર **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 11 નવેમ્બર, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ (National Education Day)

ભારતમાં દર વર્ષે 11 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારત સરકારના પ્રથમ શિક્ષણ મંત્રી શ્રી મૌલાના અબુલ કલામ આઝાદની યાદમાં તેમનો જન્મદિન 11 નવેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં વિધિવત રીતે આ દિવસની ઉજવણીનો પ્રારંભ 11 નવેમ્બર, 2008 થી થયો હતો.

નોંધ : (1) શ્રી અબુલ કલામ આઝાદનો જન્મ 11 નવેમ્બર, 1888ના રોજ મક્કામાં થયો હતો, જે તે સમયે ઓટ્ટોમન સામ્રાજ્યનો એક ભાગ હતો. હવે તે સાઉદી અરેબિયાનો એક ભાગ છે.

(2) તેમણે ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી તરીકે વર્ષ 1947 થી વર્ષ 1958 સુધી સેવા આપી હતી.

## ભારતે વિશ્વ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો

ભારતના સુશ્રી મણિકા બત્રા અને સુશ્રી અર્ચના ગિરીશ કામથે 'વિશ્વ ટેબલ ટેનિસ સ્પર્ધા (WTT) લાસ્કો 2021'માં મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો છે.

- સુશ્રી મણિકા બત્રા અને અર્ચના કામથની જોડીએ પ્યૂર્ટોરિકાની મેલિની ડિયાઝ અને એડ્રિયાન ડિયાઝને 11-3, 11-8, 12-10થી પરાજય આપ્યો હતો.
- સુશ્રી મણિકા બત્રાએ વિમેન્સ સિંગલ્સમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો.
- વર્લ્ડ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપની શરૂઆત વર્ષ 1926માં થઈ હતી.
- આ ટુર્નામેન્ટનું આયોજન વર્ષ 1957થી દ્વિવાર્ષિક ધોરણે કરવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેપાળના આર્મી ચીફને ભારતીય જનરલ માનદનો રેન્ક

નેપાળના આર્મી ચીફ જનરલ શ્રી પ્રભુ રામ શર્માને 1950માં શરૂ થયેલી પરંપરાના ભાગરૂપે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા 'ભારતીય સેનાના જનરલ'ના માનદ પદથી નવાજવામાં આવ્યા છે.

- જનરલ પ્રભુ રામ શર્મા બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને વિસ્તૃત કરવાના માર્ગોને શોધવા માટે ભારતની ચાર દિવસની મુલાકાતે આવ્યા હતા.
- નોંધનીય છે કે આ પહેલા નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યા દેવી ભંડારીએ નવેમ્બર, 2020માં ભારતીય સેના પ્રમુખ શ્રી મનોજ નરવણને નેપાળ આર્મીના માનદ જનરલના પદથી સન્માનિત કર્યા હતા.
- નેપાળ ભારતનો એક મહત્વપૂર્ણ પાડોશી દેશ છે અને સદીઓથી ફેલાયેલા તેના ભૌગોલિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને કારણે તે આપણી વિદેશ નીતિમાં મહત્વ ધરાવે છે.
- આ ઉપરાંત ભારત અને નેપાળ હિંદુ અને બૌદ્ધ ધર્મના સંદર્ભમાં સમાન સંબંધો ધરાવે છે.

## પોષણ સ્માર્ટ વિલેજ કાર્યક્રમ

પોષણ અભિયાનને વધુ મજબૂત કરવા માટે 'પોષણ સ્માર્ટ વિલેજ' નામનો કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.

- તે ભારતની આઝાદીના 75માં વર્ષની સ્મૃતિમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો એક ભાગ હશે.
- ભારતમાં વિધિવત રીતે આ દિવસની ઉજવણીનો પ્રારંભ 11 નવેમ્બર, 2008 થી થયો હતો.

### પોષણ સ્માર્ટ વિલેજ

આ પહેલ 75 ગામોને દત્તક લેવા અને વડાપ્રધાનના આહવાન મુજબ તેમને સ્માર્ટ વિલેજમાં રૂપાંતરિત કરવાનો સંદર્ભ આપે છે.

- અખિલ ભારતીય સમન્વયિત સંશોધન પ્રોજેક્ટ (AICRP) કેન્દ્રો અને ભારતીય કૃષિ સંશોધન પરિષદ–કેન્દ્રીય કૃષિ મહિલા સંસ્થા (ICAR-CIWA) દ્વારા 75 ગામોને દત્તક લેવામાં આવશે.

### ઉદ્દેશ્ય

કૃષિ પ્રવૃત્તિઓમાં રોકાયેલી મહિલાઓ અને શાળાના બાળકોનો સમાવેશ કરતા ગ્રામીણ વિસ્તારોમાં પોષણ જાગૃતિ, શિક્ષણ અને વ્યવહાર પરિવર્તનને પ્રોત્સાહન આપવું.

- કુપોષણ દુર કરવા માટે સ્થાનિક પદ્ધતિ દ્વારા પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરવો.
- ઘરેલું ખેતી અને પોષણ–બગીચા દ્વારા પોષણ સંવેદનશીલ કૃષિનો અમલ કરવો.

નોંધ : તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે પોષણ 2.0નું ઉદ્ઘાટન કર્યું હતું અને તમામ મહત્વાકાંક્ષી જિલ્લાઓને પોષણ માસ દરમિયાન પોષણ વાટિકા (પોષણ ગાર્ડન) સ્થાપવા વિનંતી કરી હતી.

### ભારતમાં કુપોષણની સ્થિતિ

આ અવ્યવસ્થાનો સામનો કરવા માટે દાયકાઓના રોકાણો છતાં ભારતનો બાળ કુપોષણ દર હજુ પણ વિશ્વના સૌથી જોખમી દેશોમાંનો એક છે.

- ગ્લોબલ હંગર ઈન્ડેક્સ–2021માં ભારત 116 દેશોમાંથી 101માં ક્રમે છે.
- ભારતના કુલ રોગોના બોજના 15% માટે બાળક અને માતાનું કુપોષણ જવાબદાર છે.
- અત્યાર સુધી હાથ ધરાયેલા 22 રાજ્યોના નેશનલ ફેમિલિ હેલ્થ સર્વે (NFHS) (2019-21)ના પાંચમા રાઉન્ડના ડેટા અનુસાર માત્ર 9 રાજ્યોમાં અવિકસિત બાળકોની સંખ્યામાં ઘટાડો થયો છે. તથા 10 રાજ્યોમાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે.
- એક અભ્યાસ મુજબ બાળકોના કુપોષણના કારણે ભારત તેના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)ના 4% અને તેની ઉત્પાદકતાના 8% સુધી ગુમાવે છે.

1. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર — (D)

2. ભારતમાં કોનો જન્મદિન 11 નવેમ્બર 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે ઉજવાય છે ?

(A) ડો. રાજેન્દ્ર પ્રસાદ (B) ડો. ઝાકિર હુસૈન

(C) ડો. મૌલાના અબુલ કલામ આઝાદ (D) શ્રી ચૌધરી ચરણસિંહ — (C)

3. તાજેતરમાં ભારતના કયા ખેલાડીઓએ 'વિશ્વ ટેબલ ટેનિસ સ્પર્ધા (WTT) લાસ્કો, 2021'માં મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો છે ?

(A) સુશ્રી મણિકા બત્રા અને સુશ્રી અર્ચના કામથ (B) સુશ્રી અર્ચના કામથ અને સુશ્રી અંકિતા રૈના

(C) સુશ્રી રિયા ભાટિયા અને સુશ્રી મણિકા બત્રા (D) સુશ્રી સાનિયા મિર્ઝા અને સુશ્રી મણિકા બત્રા — (A)

4. તાજેતરમાં કયા દેશના આર્મી ચીફને 'ભારતીય સેનાના જનરલ'ના માનદથી નવાજવામાં આવ્યા છે ?

(A) નેપાળ (B) ભૂટાન (C) બાંગ્લાદેશ (D) મ્યાનમાર — (A)

5. તાજેતરમાં નેપાળના કયા આર્મી ચીફને 'ભારતીય સેનાના જનરલ'ના માનદથી નવાજવામાં આવ્યા છે ?

(A) શ્રી નારાયણ ખડકા (B) શ્રી જર્નાદન શર્મા (C) શ્રી પ્રભુરામ શર્મા (D) શ્રી કૃષ્ણ કુમાર — (C)

6. 'પોષણ સ્માર્ટ વિલેજ કાર્યક્રમ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પોષણ અભિયાનને વધુ મજબુત કરવા માટે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.

2. તે ભારતની આઝાદીના 75માં વર્ષની સ્મૃતિમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો એક ભાગ હશે.

3. AICRP કેન્દ્રો અને ICAR-CIWA દ્વારા આ કાર્યક્રમ હેઠળ 75 ગામને દત્તક લેવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, અને 3 — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 નવેમ્બર, વિશ્વ ન્યુમોનિયા દિવસ (World Pneumonia Day)

દર વર્ષે 12 નવેમ્બરના રોજ 'વિશ્વ ન્યુમોનિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ન્યુમોનિયા વિશે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે 'ગ્લોબલ કોએલિશન અગેઈન્સ્ટ ચાઈલ્ડ ન્યુમોનિયા' દ્વારા વર્ષ 2009માં પ્રથમ વખત આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી.
- ભારતમાં વિધિવત રીતે આ દિવસની ઉજવણીનો પ્રારંભ 11 નવેમ્બર, 2008 થી થયો હતો.

## જનજાતિય ગૌરવ દિવસ : 15 નવેમ્બર

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે 15 નવેમ્બરને 'જનજાતિય ગૌરવ દિવસ' અથવા 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની મંજૂરી આપી છે.

- આદિવાસીઓના સાંસ્કૃતિક વારસાની જાળવણી અને રાષ્ટ્રીય ગૌરવ, શૌર્ય અને અતિથ્યના ભારતીય મૂલ્યોને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને માન્યતા આપવા દર વર્ષે 15 નવેમ્બરના રોજ 'જનજાતિય ગૌરવ દિવસ' અથવા 'આદિવાસી ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવશે.
- આ દિવસને ભારતની આઝાદીના 75મા વર્ષની યાદગીરી તરીકે જાહેર કરવામાં આવ્યો છે.
- 15 નવેમ્બર એ શ્રી બિરસા મુંડાની જન્મજયંતિ પણ છે, જેને સમગ્ર ભારતમાં આદિવાસી સમુદાયો દ્વારા ભગવાન તરીકે પૂજવામાં આવે છે.
- આ દિવસ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આદિવાસી સ્વાતંત્રતા સેનાનીઓ

### શ્રી બિરસા મુંડા

ભારતીય સ્વાતંત્ર્ય સેનાની શ્રી બિરસા મુંડાનો જન્મ 15 નવેમ્બર, 1875ના રોજ ઝારખંડના ખુટી જિલ્લાના ઉલિહાટુ ગામમાં થયો હતો.

- શ્રી બિરસા મુંડા માનતા હતા કે ભગવાન દ્વારા લોકોના કલ્યાણ માટે અને તેમના દુઃખ દૂર કરવા માટે મોકલવામાં આવ્યા છે. તેથી તેઓ પોતાને ભગવાન માનતા હતા.
- તેમને 'ધરતી અબ્બા' (Dharti Abba) અથવા 'વિશ્વના પિતા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 1899-1900માં તેમની આગેવાની હેઠળનો મુંડા બળવો એ છોટા નાગપુર (ઝારખંડ) પ્રદેશમાં સૌથી વધુ ચર્ચિત બળવો હતો. તેને 'મુંડા ઉલગુલાન' પણ કહેવામાં આવે છે.
- આ બળવો મુંડા જનજાતિની પરંપરાગત પ્રણાલીમાંથી ખૂંટકટીની જમીનદારી પ્રણાલીમાં પરિવર્તનના કારણે શરૂ થયો હતો.

## શહીદ વીર નારાયણ સિંહ

તેમને છત્તીસગઢમાં સોનાખાનનું ગૌરવ માનવામાં આવે છે, તેમણે 1856ના દુષ્કાળ પછી વેપારીઓના અનાજના જથ્થાને લૂંટી અને ગરીબોમાં વહેંચ્યા હતા.

- શ્રી વીર નારાયણ સિંહના બલિદાનથી તેઓ આદિવાસી નેતા અને 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં છત્તીસગઢના પ્રથમ શહીદ બન્યા હતા.

## શ્રી અલ્લુરી સીતા રામ રાજુ

તેમનો જન્મ 4 જુલાઈ, 1897ના રોજ આંધ્રપ્રદેશમાં ભીમાવરમ નજીક મોગલ્લુ નામના ગામમાં થયો હતો.

- શ્રી અલ્લુરીને અંગ્રેજો સામે 'રામ્પા વિદ્રોહ'નું નેતૃત્વ કરવા માટે સૌથી વધુ યાદ કરવામાં આવે છે, જેમાં તેણે વિશાખાપટ્ટનમ અને પૂર્વ ગોદાવરી જિલ્લાના આદિવાસી લોકોને વિદેશીઓ સામે બળવો કરવા માટે સંગઠિત કર્યા હતા.
- તેમને બંગાળના ક્રાંતિકારીઓ દ્વારા બ્રિટિશ સરકાર સામે લડવાની પ્રેરણા મળી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાણી ગૌંડિલ્યુ

તેઓ નાગા સમુદાયના આધ્યાત્મિક અને રાજકીય નેતા હતા, જેમણે ભારતમાં બ્રિટિશ શાસન સામે બળવો કર્યો હતો.

- તેમના માટે નાગા સમુદાયના લોકોની સ્વાતંત્રતાની યાત્રા એ ભારતની સ્વતંત્રતા માટેની વ્યાપક ચળવળનો એક ભાગ હતો.
- તેમણે મણિપુર પ્રદેશમાં ગાંધીજીનો સંદેશો પણ ફેલાવ્યો હતો.

## સિદ્ધુ અને કાન્હુ મુર્મુ

વર્ષ 1857ના બળવાના બે વર્ષ પહેલા 30 જૂન, 1855ના રોજ બે સંથાલ ભાઈઓ સિદ્ધુ અને કાન્હુ મુર્મુએ 10000 સંથાલોને ભેગા કર્યા અને અંગ્રેજો સામે બળવો જાહેર કર્યો હતો.

- આદિવાસીઓએ અંગ્રજોને તેમની માતૃભૂમિમાંથી ભગાડવાના શપથ લીધા હતા.
- મુર્મુ ભાઈઓની બહેનો સુશ્રી ફૂલો અને સુશ્રી ઝાનોએ પણ બળવામાં સક્રિય ભાગ લીધો હતો.

## અમેરિકા ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)માં જોડાયું

તાજેતરમાં અમેરિકા 'ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ' (ISA) અથવા 'આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન'માં જોડનાર 101મો સભ્ય દેશ બન્યો છે.

- સૌર ઉર્જાના વૈશ્વિક સ્વીકારને વેગ આપવા માટે અમેરિકા ISAમાં સભ્ય દેશ તરીકે જોડાયું છે.
- 10 નવેમ્બર, 2021ના રોજ UNFCC COP26માં આ જાહેરાત કરવામાં આવી હતી.

નોંધ : (1) ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) સૌર ઉર્જા પર આધારિત 124 દેશોનું ગઠબંધન છે. જેમાં 101 સભ્ય દેશોએ ISAને સમર્થન આપ્યું છે. (અથવા ISAના માળખા પર સહી/બહાલી આપી છે.) જ્યારે અન્ય દેશો જોડાવાની પ્રક્રિયામાં સામેલ છે.

(2) ISAનો શુભારંભ ભારત અને ફ્રાન્સ દ્વારા 30 નવેમ્બર, 2015ના રોજ ફ્રાન્સના પેરિસમાં કરવામાં આવ્યો હતો.

(3) ISAનું મુખ્યમથક હરિયાણાના ગુરૂગ્રામ ખાતે આવેલું છે.

## Climate Change Performance Index (CCPI)

'Climate Action Network' (CAN) અને 'New Climate Institute'ના સહયોગથી જર્મન–વોચએ 10 નવેમ્બરના રોજ 'Climate Change Performance Index 2022' પ્રકાશિત કર્યુ હતું.

- CCPI એ દેશોની આબોહવા સુરક્ષા કામગીરીને ટ્રેક કરવા માટે એક સ્વતંત્ર મોનિટરિંગ સાધન છે.
- તે વર્ષ 2005થી પ્રકાશિત થાય છે.
- આ ઈન્ડેક્સમાં એકંદર રેન્કિંગના પ્રથમ ત્રણ રેન્ક ખાલી રાખવામાં આવ્યા છે કારણ કે કોઈપણ દેશે એકંદરે ખૂબ જ ઉચ્ચ રેટિંગ પ્રાપ્ત કરવા માટે પૂરતું સારૂ પ્રદર્શન કર્યુ ન હતું.
- આ ઈન્ડેક્સમાં ડેનમાર્ક 76.92 ટકાના પોઈન્ટ સાથે ટોચ પર છે એટલે કે ચોથા ક્રમે છે.
- ડેનમાર્ક પછી સ્વીડન અને નોર્વે આવે છે.
- આ ઈન્ડેક્સમાં ભારત 10માં ક્રમે છે.
- આ રિપોર્ટ અનુસાર અમેરિકા ખૂબ જ નીચા રેટિંગવાળા દેશોમાં 55માં ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Climate Change Performance Index 2022

| Rank | Country | Score |
|---|---|---|
| 1 | – | – |
| 2 | – | – |
| 3 | – | – |
| 4 | ડેનમાર્ક | 76.92 |
| 5 | સ્વીડન | 74.46 |
| 6 | નોર્વે | 73.62 |
| 10 | ભારત | 69.22 |
| 37 | ચીન | 52.66 |
| 55 | અમેરિકા | 37.90 |
| 64 | કઝાકિસ્તાન | 19.81 |

### માપદંડો

CCPI પ્રમાણિત માપદંડોનો ઉપયોગ કરીને 14 સૂચકાંકો સાથે ચાર શ્રેણીઓમાં દેશોનું વિશ્લેષણ કરે છે.

- આ ચાર શ્રેણીઓ આ મુજબ છે :

(1) ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન (કુલ સ્કોરના 40 ટકા)

(2) રિન્યુએબલ એનર્જી (20 ટકા)

(3) ઉર્જાનો ઉપયોગ (20 ટકા)

(4) આબોહવા નીતિ (20 ટકા)

CCPI
Climate Change
Performance Index

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'વિશ્વ ન્યુમોનિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 નવેમ્બર (B) 12 નવેમ્બર (C) 13 નવેમ્બર (D) 14 નવેમ્બર **(B)**

2. તાજેતરમાં કયા દિવસને 'જનજાતિય ગૌરવ દિવસ' અથવા 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે ?

(A) 15 નવેમ્બર (B) 16 નવેમ્બર (C) 17 નવેમ્બર (D) 18 નવેમ્બર **(A)**

3. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)માં તાજેતરમાં 101માં સભ્ય દેશ તરીકે કયો દેશ જોડાયો છે ?

(A) અમેરિકા (B) ફિલિપાઈન્સ (C) સાલ્વોકા (D) આર્જેન્ટિના **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)નું વડું મથક કયા સ્થળે આવેલું છે ?

(A) ચેન્નાઈ (B) બેંગ્લોર (C) વારાણસી (D) ગુરૂગ્રામ **(D)**

5. Climate Change Performance Index-2022માં કયો દેશ ચોથા ક્રમે છે ? (આ ઈન્ડેકસમાં 1 થી 3 ક્રમાંક એકપણ દેશને આપવામાં આવ્યા નથી.)

(A) નોર્વે (B) ડેનમાર્ક (C) સ્વીડન (D) ચીન **(B)**

6. Climate Change Performance Index-2022માં ભારત કયા ક્રમે છે ?

(A) 10માં (B) 15માં (C) 32માં (D) 41માં **(A)**

## દિવસ મહિમા : 13 નવેમ્બર, વિશ્વ દયા દિવસ અથવા તો વિશ્વ દયાળુતા દિવસ (World Kindness Day)

## નિરામય ગુજરાતનો શુભારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના લોકોની આરોગ્ય સુખાકારી માટે બિનચેપી રોગો અને બિમારીઓના સ્ક્રીનિંગથી સારવાર સુધીના મહાઅભિયાન 'નિરામય ગુજરાત'નો રાજ્યવ્યાપી પ્રારંભ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેથી કરાવ્યો હતો.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસર પર જણાવ્યું હતું કે બદલાતી જતી જીવનશૈલી, લાઈફસ્ટાઈલ, ખાનપાન આદતો, સ્ટ્રેસ અને હાઈપર ટેન્શનથી હૃદયરોગ, ડાયાબિટીઝ, કીડનીની બિમારી જેવા રોગોનો ભોગ લોકો બનતા હોય છે.
- પરંતુ તેનો ખ્યાલ લાંબા સમય સુધી આવતો નથી આથી ઘણીવાર આવા રોગ ગંભીર અને જાનલેવા બની જાય છે.
- 'પહેલું સુખ તે જાતે નર્યા'ના ધ્યેય સાથે રાજ્ય સરકારે આવા રોગો થાય જ નહીં અને થાય તો ઉગતા જ ડામી દેવાય એટલું જ નહીં પ્રાથમિક તબક્કે સ્ક્રીનિંગ થઈ જાય અને તપાસ નિદાનથી લઈને રોગ સંપૂર્ણ મટી જાય ત્યાં સુધીની સઘન સારવાર વિનામૂલ્યે આપવા આ 'નિરામય ગુજરાત' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ અભિયાન હેઠળ આરોગ્ય સેવા કર્મચારીઓ લોકોના ઘરે ઘરે જઈને ત્રીસ કે તેથી વધુની વયના લોકોનો સર્વે કરી બિમારીની વિગતો એકત્ર કરશે અને નિઃશુલ્ક સારવાર સુધીની સુવિધાઓથી 'સર્વે ભવંતુ સુખીન'નો ધ્યેય પાર પાડશે.
- નોંધનીય છે કે જન આરોગ્યની સુરક્ષા–પ્રિવેન્ટિવ કેરના હેતુથી આ નવી યોજના શરૂ કરવામાં આવી છે.
- રાજ્યમાં ચેપી રોગ કરતા બીન ચેપી રોગ જેવા કે લોહીનું ઉંચુ દબાણ (BP), હાર્ટ એટેક, લકવો, કેન્સર, કિડની, પાંડુરોગ, ડાયાબિટિસ જેવા રોગોથી મૃત્યુનું પ્રમાણ વધુ જોવા મળે છે.
- આ પ્રકારના રોગોથી કાળજી લેવા 30થી વધુ વયના નાગરિકોનું દર શુક્રવારે એટલે કે મમતા દિવસે રાજ્યના PHC, CHC અને હોસ્પિટલો ખાતે આરોગ્ય સ્ક્રીનિંગ તપાસ કરવામાં આવશે.
- જેમાં તેમની આરોગ્યલક્ષી વિગતો સાથેનું એક નિરામય કાર્ડ આપવામાં આવશે.
- આ ઉપરાંત આ પ્રસંગે 'નિરામય ગુજરાત' સંદર્ભે પુસ્તકનું વિમોચન પણ કર્યુ હતું અને સાથે સાથે સૌને 'સ્વસ્થ જીવન જીવવા માટેની પ્રવૃત્તિ કરવાનો' સામૂહિક સંકલ્પ લેવડાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોકાણકારો માટે RBIની બે યોજના શરૂ કરી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 નવેમ્બર, 2021ના રોજ રોકાણકારો માટે 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા' (RBI)ની બે ગ્રાહક–કેન્દ્રિત યોજના શરૂ કરી છે.

- જે આ મુજબ છે :

(1) RBI રિટેલ ડાયરેક્ટ યોજના (RBI Retail Direct Scheme)

(2) RBI સંકલિત લોકપાલ યોજના (RBI Integrated Ombudsman Scheme)

### (1) RBI રિટેલ ડાયરેક્ટ યોજના

ફેબ્રુઆરી 2021માં RBIએ રિટેલ રોકાણકારોને સરકારી સિક્યોરિટીઝ (G-Secs)માં સીધુ રોકાણ કરવા માટે સેન્ટ્રલ બેન્કમાં ગિલ્ટ એકાઉન્ટ ખોલવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ મુકયો હતો.

- આ યોજના હેઠળ રિટેલ રોકાણકારો (વ્યક્તિઓને)ને RBI સાથે 'રિટેલ ડાયરેક્ટ ગિલ્ટ એકાઉન્ટ' ખોલવા અને જાળવવાની સુવિધા હશે.
- આ યોજના ભારતને એવા પસંદગીના દેશોમાં આવરી લે છે જે આવી સુવિધા પ્રદાન કરે છે.

નોંધ : (1) રિટેલ રોકાણકાર એ બિન–વ્યાવસાયિક રોકાણકાર છે જે સિક્યોરિટીઝ અથવા ફંડ્સ ખરીદે છે જેમાં મ્યુચ્યુઅલ ફંડ અને એકસચેન્જ ટ્રેડ ફંડસ (FTFs) જેવા સિક્યોરિટીઝના જૂથનો સમાવેશ થાય છે.

(2) ગિલ્ટ એકાઉન્ટની તુલના બેંક ખાતા સાથે કરી શકાય છે. તેમાં તફાવત એ છે કે ખાતામાં નાણાંને બદલે ટ્રેઝરી બિલ અથવા સરકારી સિક્યોરિટીઝથી ડેબિટ અથવા ક્રેડિટ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઉદ્દેશ્ય

આ પગલાંનો ઉદ્દેશ્ય સરકારી સિક્યોરિટીઝ માર્કેટમાં વૈવિધ્ય લાવવાનો છે. જેમાં બેંકો, વીમા કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ જેવા સંસ્થાકીય રોકાણકારોનું પ્રભુત્વ છે.

### વિસ્તાર/ક્ષેત્ર

તે કેન્દ્ર સરકારની સિક્યોરિટીઝ, ટ્રેઝરી બિલ્સ, રાજ્યવિકાસ લોન અને સાર્વભૌમ ગોલ્ડ બોન્ડમાં એક પોર્ટલ એવન્યુ પ્રદાન કરે છે.

- તેઓ પ્રાથમિક તેમજ ગૌણ બજાર, સરકારી સિક્યોરિટીઝ માર્કેટમાં રોકાણ કરી શકે છે.

નોંધ : (1) સરકારી સિક્યોરિટીઝ (Government Security) એ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ એક વેપારી સાધન છે.

(2) સરકારી સિક્યોરિટીઝ એ સરકારની દેવાની જવાબદારી સ્વીકારે છે. આવી સિક્યોરિટીઝ ટૂંકા ગાળાની હોય છે.

## (2) RBI સંકલિત લોકપાલ યોજના

તેમાં RBIની ત્રણ લોકપાલ યોજનાઓ વર્ષ 2006ની બેંકિંગ લોકપાલ યોજના, 2018ની NBFCs માટે લોકપાલ યોજના અને વર્ષ 2019 માટે ડિજિટલ ટ્રાન્ઝેકશન લોકપાલ યોજનાનો સમાવેશ થાય છે.

- સંકલિત લોકપાલ યોજના RBI દ્વારા નિયમન કરાયેલી સંસ્થાઓ જેવી કે બેંકો, NBFCs (નોન–બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ) અને પ્રીપેડ ઈન્સ્ટ્રુમેન્ટ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં ઉણપને લગતી ગ્રાહક ફરિયાદોનું નિવારણ પૂરું પાડશે.
- જો ગ્રાહકોના સંતોષ મુજબ ફરિયાદનું નિરાકરણ ન આવે તો અથવા 30 દિવસની અંદરના સમયગાળામાં જવાબ આવતો નથી તો ગ્રાહક લોકપાલને બેંક સંબંધિત ફરિયાદ કરી શકે છે.
- તેમાં રૂ. 50 કરોડ કે તેથી વધુની થાપણો ધરાવતી નોન–શિડ્યુલ્ડ પ્રાથમિક સહકારી બેંકોનો પણ સમાવેશ થાય છે.
- આ યોજના RBIને રેગ્યુલેટેડ એકમો સામેની ગ્રાહકોની ફરિયાદોના નિરાકરણ માટે ફરિયાદ નિવારણ પદ્ધતિને સુધારવામાં મદદ કરવા માટે શરૂ કરવામાં આવી છે.
- આ યોજના 'એક રાષ્ટ્ર–એક લોકપાલ'ના સિંદ્ધાત પર આધારિત છે. જેમાં ગ્રાહકો તેમની ફરિયાદો નોંધવા માટે 'એક પોર્ટલ, એક ઈમેઈલ અને એક સરનામું'નો સમાવેશ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશેષતા

આ યોજના બકાતની સૂચિ સાથે ફરિયાદ દાખલ કરવાના આધાર તરીકે 'સેવાઓમાં ખામીને' વ્યાખ્યાયિત કરે છે. આથી, ફરિયાદો હવે માત્ર એટલા માટે નકારી શકાશે નહીં કારણ કે તે યોજનામાં સૂચિબદ્ધ આધારો હેઠળ આવરી લેવામાં આવી નથી.

- આ યોજના અધિકાર ક્ષેત્ર તટસ્થ છે અને કોઈપણ ભાષામાં ફરિયાદોના વહેલા નિરાકરણ માટે ચંદીગઢ ખાતે કેન્દ્રીયકૃત રસીદ અને પ્રક્રિયા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે.
- RBIએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ્સના ઉપયોગ માટે જોગવાઈ કરી હતી. જેથી બેન્કો અને તપાસ એજન્સીઓ ઝડપથી વધુ સારી રીતે સંકલન કરી શકે.
- બેંક ગ્રાહક ફરિયાદો નોંધવા, દસ્તાવેજ સબમિટ કરવા, વર્તમાન સ્થિતિને ટ્રેક કરવા અને ઈમેઈલ દ્વારા જવાબ આપવા સક્ષમ હશે.
- આ માટે બહુભાષી ટોલ ફ્રી નંબર પણ હશે જે ફરિયાદ નિવારણ સંબંધિત તમામ માહિતી પ્રદાન કરશે.
- રેગ્યુલેટેડ બોડીને એવા કેસોમાં અપીલ કરવાનો કોઈ અધિકાર નથી કે જ્યાં લોકપાલ દ્વારા સંતોષકારક અને સમયસર માહિતી ન આપવા બદલ તેની સામે નોટિસ જારી કરવામાં આવી હોય.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## અપીલ અધિકારી

**RBIના ઉપભોક્તા શિક્ષણ અને સંરક્ષણ વિભાગના પ્રભારી કાર્યકારી નિયામક આ યોજના હેઠળ અપીલ અધિકારી હશે.**

## મહત્ત્વ

**આ યોજનાથી RBI દ્વારા નિયમન કરાયેલી સંસ્થાઓ સામેની ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ફરિયાદ નિવારણ પદ્ધતિને સુધારવામાં મદદ કરશે.**

- **આ ઉપરાંત તે એકરૂપતા સુનિશ્ચિત કરવામાં અને વપરાશકર્તા–મૈત્રીપૂર્ણ મિકેનિઝમને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરશે અને ગ્રાહક સંતોષ અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપશે.**
- **44 કરોડ લોન ખાતા ધારકો અને 220 કરોડ થાપણ ખાતા ધારકોને લોકપાલ યોજનાનો સીધો ફાયદો થશે, તેઓ હવે એક જ પ્લેટફોર્મ પર ફરિયાદો નોંધી શકશે અને તેમની ફરિયાદોની વર્તમાન સ્થિતિ જાણી શકશે.**

## લોકપાલ

**તે એક સરકારી અધિકારી છે જે સાર્વજનિક સંસ્થાઓ સામે સામાન્ય લોકો દ્વારા કરવામાં આવતી ફરિયાદોનું નિરાકરણ કરે છે.**

- **લોકપાલનો આ ખ્યાલ સ્વીડનમાંથી લેવામાં આવ્યો છે.**
- **ભારતમાં નીચેના ક્ષેત્રોમાં ફરિયાદોના નિવારણ માટે લોકપાલની નિમણૂક કરવામાં આવે છે. (બેંકિંગ ક્ષેત્રે)**

**(1) વીમા લોકપાલ**

**(2) આવકવેરા લોકપાલ**

**(3) બેંકિંગ લોકપાલ**




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'વિશ્વ દયા દિવસ' અથવા તો 'વિશ્વ દયાળુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 નવેમ્બર (B) 11 નવેમ્બર (C) 12 નવેમ્બર (D) 13 નવેમ્બર **(D)**

2. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના લોકોની આરોગ્ય સુખાકારી માટે બિનચેપી રોગો અને બિમારીઓના સ્ક્રીનિંગથી સારવાર સુધીના મહાઅભિયાન 'નિરામય ગુજરાત'નો રાજ્યવ્યાપી પ્રારંભ કયા સ્થળેથી કરાવ્યો હતો ?

(A) પાલનપુર (B) જૂનાગઢ (C) પોરબંદર (D) દાહોદ **(A)**

3. RBI રિટેલ ડાયરેક્ટ યોજના (RBI Retail Direct Scheme) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

(A) આ યોજના હેઠળ રિટેલ રોકાણકારો (વ્યક્તિઓને)ને RBI સાથે 'રિટેલ ડાયરેક્ટ ગિલ્ટ એકાઉન્ટ' ખોલવા અને જાળવવાની સુવિધા હશે.

(B) આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી સિક્યોરિટીઝ માર્કેટમાં વૈવિધ્ય લાવવાનો છે. જેમાં બેંકો, વીમા કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ જેવા કે સંસ્થાકીય રોકાણકારોનું પ્રભુત્વ છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. 'RBI સંકલિત લોકપાલ યોજના' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજના RBIને રેગ્યુલેટેડ એકમો સામેની ગ્રાહકોની ફરિયાદોના નિરાકરણ માટે ફરિયાદ નિવારણ પદ્ધતિને સુધારવામાં મદદ કરવા માટે શરૂ કરવામાં આવી છે.
2. આ યોજના 'એક રાષ્ટ્ર – એક લોકપાલ' ના સિંદ્ધાત પર આધારિત છે.
3. આ યોજના RBI દ્વારા નિયમન કરાયેલી સંસ્થાઓ જેવી કે બેંકો, NBFCs અને પ્રીપેડ ઈન્સ્ટ્રુમેન્ટ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં ઉણપને લગતી ગ્રાહક ફરિયાદોનું નિવારણ પૂરું પાડશે.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, અને 3 **(D)**

# ONE LINER

## ગુજરાત

➤ **નોંધારાનો આધાર પ્રોજેક્ટ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજપીપળામાં જીતનગર પોલીસ હેડક્વાટર ખાતે જિલ્લા પ્રશાસન દ્વારા અમલી 'નોંધારાનો આધાર પ્રોજેક્ટ'ના લોગો, વેબસાઈટ અને ડેટા એન્ટ્રિ માટેના વેબ પોર્ટલનું લોન્ચિંગ કર્યુ હતું. સમગ્ર દેશ સહિત ગુજરાતના તમામ જિલ્લા ઉપયોગ કરી શકે તે રીતે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા આ વેબસાઈટ તથા વેબ પોર્ટલ બનાવવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'નોંધારાનો આધાર પ્રોજેક્ટ' હેઠળ 3 થી 6 વર્ષના બાળકોના પ્રાથમિક શાળામાં પ્રવેશ આપવાની સાથે લાભાર્થીઓને કોવિડ વેક્સિનનો બીજો ડોઝ, 43 જેટલી આવશ્યક ચીજ વસ્તુઓ સાથેની કિટસ, નોંધારાના આધારના લોગોવાળા વુલન સ્વેટર–ટોપી, પોષણ આહાર કિટ, આવક–જાતિનો દાખલો રેશનકાર્ડ, આયુષ્માન કાર્ડ તથા આવાસ યોજનાના બીજા હપ્તાના મંજૂરી હુકમો સહિત વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કર્યુ હતું.

## ભારત

➤ **ભારત અને ભૂટાન વચ્ચે સાત નવા પ્રવેશ અને બહાર નિકળવાના સ્થળો**

વેપાર જોડાણ વધારવા માટે ભારત અને ભૂટાનમાં વેપાર માટે સાત વધારાના પ્રવેશ અને એક્ઝિટ પોઈન્ટ શરૂ કરવામાં આવશે. બંને દેશો વચ્ચે વેપાર અને પરિવહનના મુદ્દા વચ્ચે થયેલી વાણિજ્ય સચિવ સ્તરની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠક દરમિયાન વર્તમાન વેપાર અને પરિવહન મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સાત પ્રવેશ અથવા બહાર નિકળવાના પોઈન્ટમાં નાગરકાટા લેન્ડ કસ્ટમ સ્ટેશન, અગરતલા લેન્ડ કસ્ટમ સ્ટેશન, પાંડુબંદર (ગુવાહાટી સ્ટીમર ઘાટ), જોગીઘપા બંદર, એશિયન હાઈવે 48, કામદારવિસા અને બીરપાર વગેરેનો સમાવેશ થાય છે.

➤ **મેઘાલય કેબિનેટે પૂર્વ પશ્ચિમ ખાસી હિલ્સ જિલ્લાની રચનાને મંજૂરી આપી**

5 નવેમ્બર, 2021ના રોજ મેઘાલય કેબિનેટે 'મૈરાંગ સિવિલ સબ–ડિવિઝન'ને સંપૂર્ણ જિલ્લાનો દરજ્જો આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. મૈરાંગ સિવિલ સબ ડિવિઝન હવે 'પૂર્વ પશ્ચિમ ખાસી હિલ્સ ડિસ્ટ્રિક' તરીકે ઓળખાશે. તેનું ઉદ્દ્ઘાટન 10 નવેમ્બર, 2021ના રોજ કરવામાં આવશે. ખાસી ટેકરીઓ મેઘાલયના ઉચ્ચપ્રદેશમાં સ્થિત એક નીચા પર્વતની રચના છે. આ ટેકરીઓ ગારો–ખાસી–જૈતિંયા શ્રેણીનો ભાગ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **cOcOn 2021 : કેરળ પોલીસની સાયબર સુરક્ષા અને હેકિંગ કોન્ફરન્સ**

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ શ્રી બિપિન રાવતે 12 નવેમ્બર, 2021ના રોજ cOcOn 2021નું ઉદ્ઘાટન કર્યુ હતું. cOcOn 2021 એ વાર્ષિક સાયબર સુરક્ષા અને હેકિંગ કોન્ફરન્સ છે. કેરળ પોલીસ દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સનું આયોજન 'Improvise, Adapt and OverCome' થીમ હેઠળ કરવામાં આવ્યું હતું. cOcOn એ 13 વર્ષ જૂનું પ્લેટફોર્મ છે. જે ગોપનીયતા, માહિતી સુરક્ષા અને ડેટા સુરક્ષા વિશે શિક્ષિત, પ્રદર્શન, સમજવા અને જાગૃતિ ફેલાવવાની તકો પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે બનાવવામાં આવ્યું છે. cOcOn અગાઉ સાયબર સેફ તરીકે ઓળખાતું હતું. આ એક વાર્ષિક કાર્યક્રમ છે જેનું આયોજન આંતરરાષ્ટ્રીય માહિતી સુરક્ષા દિવસના ભાગરૂપે કરવામાં આવે છે. cOcOn વાર્ષિક પરિષદ વર્ષ 2008માં શરૂ કરવામાં આવી હતી. માહિતી સુરક્ષા સંશોધન સંસ્થા (ISRA) સાથે મળીને કેરળ પોલીસની આ પહેલ છે.

➤ **હરિતા કર્મ સેના (Haritha Karma Sena)**

કેરળ સરકારે શહેરના ઘરોમાંથી કચરો એકઠો કરવા અને તેને કોચી કોર્પોરેશન ખાતે ઘન કચરા ટ્રીટમેન્ટ ફેસિલિટી સુધી લઈ જવા માટે 'હરિતા (હરિથા) કર્મ સેના' અથવા 'ગ્રીન એક્શન ફોર્સ' બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ડ્રાફ્ટ કાયદો કેરળ મ્યુનિસિપાલિટી એક્ટની કલમ 33 અનુસાર તૈયાર કરવામાં આવ્યો છે. તાજેતરમાં કોર્પોરેશનની હેલ્થ સ્ટેન્ડિંગ કમિટીએ આ અંગે ચર્ચા કરી હતી અને હવે તેને મંજૂરી માટે કોર્પોરેશન કાઉન્સિલ સમક્ષ મુકવામાં આવશે. નાગરિક સંસ્થાના તમામ વિભાગોમાં ગ્રીન એક્શન ફોર્સની રચના કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **CRPF એ કર્મચારીઓને તણાવમુક્ત કરવા માટે ચૌપાલ શરૂ કર્યુ**

તાજેતરમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)એ તેના કર્મચારીઓના માનસિક તણાવને દૂર કરવા માટે 'ચૌપાલ' જેવા ગેટ–ટુ ગેધર પ્રોગ્રામ શરૂ કરવાનું નક્કી કર્યુ છે. ચૌપાલ એ ગ્રામીણ વિસ્તારોમાં લોકપ્રીય સભા અથવા બેઠક જેવી પ્રવૃત્તિ છે. અઠવાડિયામાં એક કે બે વખત 18 થી 20 કર્મચારીઓ બહારના વતૃળમાં (કદાચ ઝાડ નીચે) ખુરશીઓ પર બેઠશે. ચૌપાલ, જેનું અગાઉથી આયોજન કરવામાં આવશે તેમાં તમામ રેન્કના કર્મચારીઓ હશે અને તે સિવિલ ડ્રેસમાં હશે યુનિફોર્મમાં નહીં આ ચૌપાલમાં વરિષ્ઠ અધિકારીઓ મુશ્કેલીઓ અને અન્ય મુદ્દાઓ વિશે જાણવા માટે સૈનિકો સાથે વાર્તાલાપ કરશે.

➤ **શ્રીનગર : યુનેસ્કો ક્રિએટિવ સિટીઝ નેટવર્ક**

8 નવેમ્બર, 2021ના રોજ શ્રીનગર યુનેસ્કોના સર્જનાત્મક શહેરોના નેટવર્કમાં જોડાયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રીનગરના સમાવેશને આ જૂથો શહેરના જીવંત સાંસ્કૃતિક નૈતિકતા માટે યોગ્ય માન્યતા તરીકે બિરદાવ્યું હતું. યુનેસ્કોએ શ્રીનગરને હસ્તકલા અને લોક કલાના સર્જનાત્મક શહેર તરીકે નિયુક્ત કર્યુ છે. મુંબઈ, ચેન્નાઈ, હૈદરાબાદ, વારાણસી અને જયપુર પછી આ સિધ્ધિ મેળવનાર શ્રીનગર ભારતનું છટ્ઠુ શહેર છે. વિશ્વભરના 49 નવા શહેરો યુનેસ્કો ક્રિએટીવ સિટીઝ નેટવર્ક (UCCN)માં જોડાયા છે. સંસ્કૃતિ અને સર્જનાત્મકતાને તેમના વિકાસના કેન્દ્રમાં રાખીને જ્ઞાન અને સારી પ્રથાઓ વહેંચવાની તેમની પ્રતિબધ્ધતાને માન્યતા આપવા માટે આ શહેરોનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

➤ **દિલ્હીએ 'Anti- Open Burning Campaign' શરૂ કર્યુ**

દિલ્હી સરકારે 9 નવેમ્બર, 2021ના રોજ 'એન્ટી– ઓપન બર્નિંગ અભિયાન' શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ અભિયાન દિલ્હીમાં 11 નવેમ્બરથી 11 ડિસેમ્બર, 2021 સુધી ચાલશે. દિલ્હીમાં ખુલ્લામાં સળગાવવાની અને વાયુ પ્રદુષણની ઘટનાઓને રોકવા માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 'જોખમી' હોવાને કારણે તેને લોન્ચ કરવામાં આવ્યું છે. આ અભિયાન DDA, DPCC, મહેસુલ વિભાગ, કોન્ટનમેન્ટ બોર્ડ, વિકાસ વિભાગ, DSIIDC, I&FC વિભાગ, ઉત્તર DMC અને દક્ષિણ DMC જેવા 10 જુદા જુદા વિભાગોની પહેલ છે. આ વિભાગો અભિયાનને અમલમાં મુકવા માટે તેમની ટીમોને એકત્રિત કરશે. આ અંતર્ગત 550 ટીમો ખુલ્લી આગની કોઈપણ ઘટનાને ઓળખવામાં અને તેને દૂર કરવામાં મદદ કરશે. 550 ટીમોમાંથી 304 ટીમો દિવસ દરમિયાન કામ કરશે જ્યારે 246 ટીમો રાત્રે પેટ્રોલિંગ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **IRCTCએ શ્રી રામાયણ યાત્રા વિશેષ ટ્રેન શરૂ કરી**

ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC)એ 7મી નવેમ્બર, 2021ના રોજ શ્રી રામાયણ યાત્રા વિશેષ ટ્રેન શરૂ કરી છે. આ ટ્રેન ધાર્મિક પ્રવાસન અને કેન્દ્ર સરકારની 'દેખો અપના દેશ' પહેલને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી છે. IRCTC એ તેની પ્રથમ 17 દિવસીય ટૂર નવી દિલ્હીના સફદરજંગ રેલવે સ્ટેશનથી શરૂ કરી હતી. આ ટ્રેન હમ્પિ–નાસિક–ચિત્રકૂટ ધામ–વારાણસી–ગયા–સીતામઢી–જનકપુર(નેપાળ)–અયોધ્યા–નંદીગ્રામ–પ્રયાગરાજ–શ્રીવાંગપુરમાંથી પસાર થશે. એક વ્યક્તિ માટે પ્રવાસનો ખર્ચ અંદાજિત 14,490 રૂપિયા હશે.

➤ **ઓનાકે ઓબવ્વા જયંતિ (Onake Obavva Jayanti)**

કર્ણાટક સરકારે આ વર્ષથી સમગ્ર રાજ્યમાં 11 નવેમ્બરને 'ઓનાકે ઓબવ્વા જયંતિ' તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે. ઓનાકે ઓબવ્વા એક મહિલા યોધ્ધા હતા. જેમણે 18મી સદીમાં ચિત્રદુર્ગ ખાતે એકલા હાથે હૈદર અલીની સેનાના મુસક (કન્નડમાં ઓનાકે) સાથે યુધ્ધ કર્યુ હતું. ઓનાકે ઓબવ્વા એક સૈનિક 'કહલે હનુમા'ની પત્ની હતા જે કિલ્લાના રક્ષક હતા. ઓબવ્વાને કન્નડ ગૌરવનું પ્રતિક માનવામાં આવે છે.

➤ **ઈ-અમૃત પોર્ટલ (e-Amrit Portal)**

ભારતે 10 નવેમ્બર, 2021ના રોજ 'ઈ–અમૃત પોર્ટલ' નામનું ઈલેક્ટ્રિક વાહન જાગૃતિ વેબ પોર્ટલ શરૂ કર્યુ છે. તાજેતરમાં યોજાયેલી COP 26 સમિટમા આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. e-AMRITનો અર્થ 'Accelerated e-Mobility Revolution for India's Transportation' છે. આ વેબ પોર્ટલ ભારત–યુકે જોઈન્ટ રોડમેપ 2030ના ભાગરૂપે યુકે સરકારના સહયોગથી નીતિ આયોગ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ પોર્ટલ ભારતમાં ઈલેક્ટ્રિક મોબિલિટી વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યુ છે. તેને એક 'વન–સ્ટોપ સાઈટ' તરીકે વિકસાવવામાં આવ્યું છે જેમાં ભારતમાં ઈલેક્ટ્રિક વાહનો (EV) અપનાવવા સંબંધિત તમામ માહિતી છે.

## વિશ્વ

➤ **ઓસ્ટ્રેલિયા ચંદ્ર પર રોવર મોકલશે**

ઓસ્ટ્રેલિયા અને કેનેડાની ખાનગી કંપનીઓ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી સિડની સાથે મળીને ચંદ્ર મિશન વિકસાવી રહી છે. આ મિશન હેઠળ ઓસ્ટ્રેલિયન ટેકનોલોજીને વર્ષ 2024ના મધ્ય સુધીમાં ચંદ્ર પર પાણી શોધવા માટે મોકલવામાં આવશે. જો આ યોજના સફળ થશે તો તે ચંદ્ર પર પહોંચનારુ ઓસ્ટ્રેલિયાનું પ્રથમ રોવર હશે. ઓસ્ટ્રેલિયન નિર્મિત રોવર ઓસ્ટ્રેલિયન સ્પેસ એજન્સી નાસા સાથેના સોદ્દાનો એક ભાગ છે. આ રોવરનું વજન 10 કિલોગ્રામ છે.

➤ **Global Drug Policy Indexમાં ભારત 18 માં ક્રમે**

હાર્મ રિડક્શન કન્સોર્ટિયમ દ્વારા 7 નવેમ્બર, 2021ના રોજ 'Global Drug Policy Index' બહાર પાડવામાં આવ્યો છે. નોર્વે, ન્યુઝીલેન્ડ, પોર્ટુગલ, યુકે અને ઓસ્ટ્રેલિયા માનવીય અને આરોગ્ય–સંચાલિત દવા નીતિઓના સંદર્ભમાં આ ઈન્ડેક્સમાં પાંચ અગ્રણી દેશો છે. બ્રાઝિલ, યુગાન્ડા, ઈન્ડોનેશિયા, કેન્યા અને મેક્સિકો પાંચ સૌથી નીચા ક્રમાંકિત દેશો છે. 30 દેશોમાં ભારત 18 માં ક્રમે છે. ગ્લોબલ ડ્રગ પોલિસી ઈન્ડેક્સ એ વિશ્વભરમાં દવાની નીતિઓ અને તેના અમલીકરણનું ડેટા આધારિત વિશ્લેષણ છે. ઈન્ડેક્સમાં 75 સૂચકાંકોનો સમાવેશ થાય છે અને ડ્રગ પોલિસીના પાંચ વ્યાપક પરિમાણોને આવરી લે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે...............માં જીતનગર પોલીસ હેડકવાટર ખાતે જિલ્લા પ્રશાસન દ્વારા અમલી 'નોંધારોનો આધાર પ્રોજેક્ટ'ના લોગો, વેબસાઈટ અને ડેટા એન્ટ્રિ માટેના વેબ પોર્ટલનું લોન્ચિંગ કર્યુ હતું. – રાજપીપળા
- વેપાર જોડાણ વધારવા માટે ભારત અને કયા દેશ વચ્ચે સાત વધારાના પ્રવેશ અને એક્ઝિટ પોઈન્ટ શરૂ કરવામાં આવશે ? – નેપાળ
- **5** નવેમ્બર, **2021**ના રોજ કયા રાજ્યની કેબિનેટે 'મૈરાંગ સિવિલ સબ–ડિવિઝન'ને સંપૂર્ણ જિલ્લાનો દરજ્જો આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે ? – મેઘાલય
- તાજેતરમાં કઈ રાજ્યની સરકાર દ્વારા **cOcOn 2021** નામની સાયબર સુરક્ષા અને હેકિંગ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું ? – કેરળ
- કઈ રાજ્ય સરકારે શહેરના ઘરોમાંથી કચરો એકઠો કરવા **'Haritha Karma Sena'** બનાવવાનો પ્રસ્તાવ મુકયો છે ? – કેરળ
- તાજેતરમાં ...........એ કર્મચારીઓને તણાવ મુક્ત કરવા માટે ચૌપાલ શરૂ કર્યુ છે. – **CRPF**
- **8** નવેમ્બર, **2021**ના રોજ..............યુનેસ્કોના સર્જનાત્મક શહેરોના નેટવર્કમાં જોડાયું છે. – શ્રીનગર
- **Global Drug Policy Index 2021**માં ભારત કયા ક્રમે છે ? – **18**માં
- તાજેતરમાં કોણે **'Anti - Open Burning Campaign'** શરૂ કર્યુ છે ? – દિલ્હી
- તાજેતરમાં **IRCTC**એ શ્રી રામાયણ યાત્રા વિશેષ ટ્રેન શરૂ કરી છે. આ **IRCTC**નું પૂરું નામ જણાવો ? – ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન
- **e-Amrit Portal** શેના સંદર્ભે છે ? – ઈલેક્ટ્રિક મોબિલિટી વિશે જાગૃતિ લાવવા




# Question Of this Week

1. કઈ ભારતીય બેંકે પેન્શનરો માટે પ્રથમ 'વીડિયો લાઈફ સર્ટિફિકેટ સર્વિસ' શરૂ કરી છે ? – SBI
2. આબોહવા પરિવર્તન પરના તાજેતરના નાસાના અભ્યાસ મુજબ આબોહવા પરિવર્તનના કારણે કયો પાક 17% વધશે ? – ઘઉં
3. કઈ સંસ્થાએ 'સસ્ટેનેબલ અર્બન કૂલિંગ હેન્ડબુક' નામનો અહેવાલ બહાર પાડયો છે ? – UNEP

   (યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP)એ 'સસ્ટેનેબલ અર્બન કૂલિંગ હેન્ડબુક' નામનો નવો રિપોર્ટ બહાર પાડયો છે. આ રિપોર્ટ અનુસાર ગ્લોબલ વોર્મિંગ અનિયંત્રિત રીતે ચાલુ હોવાથી શહેરો હોટસ્પોટ બની જશે. અર્બન હીટ આઈલેન્ડ ઈફેક્ટને કારણે શહેરોને ક્લાઈમેન્ટ ચેન્જનો સામનો કરવો પડશે.)
4. તાજેતરમાં શોધાયેલ ઈન્ટી ટેનેજર (Heliothraupis oneili) કોની પ્રજાતિ છે ? – પક્ષીની
5. ભારતીય વાયુસેના (IAF)ની સાથે કઈ સંસ્થાએ સ્માર્ટ એન્ટી–એરફિલ્ડ હથિયાર લોન્ચ કર્યુ છે ? – DRDO
6. તાજેતરમાં ચર્ચામાં રહેલ આઈબુપ્રોફેનનો હરીફ માનવામાં આવતો પરંપરાગત છોડ 'માતાલાફી' કયા દેશમાં જોવા મળે છે ? – સમોઆ
7. 'વિશ્વ રેડિયોગ્રાફી દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ? – 8 નવેમ્બર
8. કયા દિવસે ઉત્તરાખંડ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – 9 નવેમ્બર
9. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ ભારતમાં કુપોષિત બાળકોની કુલ સંખ્યા કેટલી છે ? – 33 લાખ

   (તાજેતરના ડેટા અનુસાર ભારતમાં 33 લાખથી વધુ બાળકો કુપોષિત છે અને તેમાંથી અડધાથી વધુ બાળકો ગંભીર કુપોષિત શ્રેણીમાં છે. મંત્રાલયે એ પણ જાહેરાત કરી હતી કે ગંભીર રીતે કુપોષિત બાળકો સાથે મહારાષ્ટ્ર, બિહાર અને ગુજરાત ટોચના રાજ્યોમાં છે.)
10. લખીમપુર ખેરી જે તાજેતરમાં સમાચારમાં રહ્યું હતું, તે કયા રાજ્યમાં સ્થિત છે ? – ઉત્તરપ્રદેશ

   (સુપ્રીમ કોર્ટે 3 ઓક્ટોબરે લખીમપુર ખેરીમાં બનેલી ઘટનાઓ સાથે સંબંધિત કેસોની તપાસ પર અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોર્ટે ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાં સુધી તપાસની દેખરેખ માટે નિવૃત્ત જજની નિમણૂક કરવાની પણ દરખાસ્ત કરી હતી. લખીમપુર ખેરીમાં ખેડૂતોના વિરોધ દરમિયાન થયેલી હિંસામાં ચાર ખેડૂતો સહિત આઠ લોકો માર્યા ગયા હતા.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. 'હસે કલા' (Hase art) એક અનોખી પેઈન્ટિંગ શૈલી ભારતના કયા રાજ્યની પ્રચલિત એક પારંપરિક કલા છે ?
– કર્ણાટક

12. Assa Wollumbisp.nov., એ તાજેતરમાં શોધાયેલ ........ની પ્રજાતિ છે. – દેડકા

13. તાજેતરમાં શ્રી સેબેસ્ટિયન પિનેરા પર 9 નવેમ્બર, 2021ના રોજ પેન્ડોરા પેપર્સના આરોપોના કારણે મહાભિયોગ કરવામાં આવ્યો હતો. તે કયા દેશના રાષ્ટ્રપતિ છે ? – ચીલી

14. વર્ષ 2022માં COP 27 સંયુક્ત રાષ્ટ્ર ક્લાઈમેન્ટ ચેન્જ કોન્ફરન્સનું આયોજન કયો દેશ કરશે ? – ઈજિપ્ત

15. કયા સોશિયલ મીડિયા પ્લેટફોર્મે 'સેફ સ્ત્રી' અને 'માય કાનૂન' નામના બે સાયબર સુરક્ષા અભિયાનો શરૂ કર્યા છે ?
– ઈન્સ્ટાગ્રામ

16. પાંચ જિલ્લામાં મેટ્રો સુવિધા ધરાવતું દેશનું એકમાત્ર રાજ્ય કયું છે ? – ઉત્તરપ્રદેશ
(ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે તાજેતરમાં કાનપુર મેટ્રોના ટ્રાયલ રનને લીલી ઝંડી બતાવી હતી. મેટ્રો રેલ સેવા હાલ ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ, નોઈડા, ગ્રેટર નોઈડા અને લખનૌમાં કાર્યરત છે. કાનપુર મેટ્રોને ફ્લેગ ઓફ કર્યા પછી ઉત્તરપ્રદેશ દેશનું એકમાત્ર રાજ્ય હશે જ્યાં પાંચ જિલ્લામાં મેટ્રો સુવિધા હશે.)

17. પંજાબના મુખ્યમંત્રી શ્રી ચરણજીત સિંહ ચન્નીએ જાહેરાત કરી હતી કે પંજાબ રાજ્યમાં હવે તમામ વિદ્યાર્થીઓ માટે........ભાષા ફરજિયાત વિષય હશે. – પંજાબી




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**

joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT